

## Cadaver Organ Donor

# Lt. Jyotindrabhai Nanubhai Vashi

## He Donated: Kidneys, Liver & Eyes

## Date:- 02/01/2018

# Brain-dead Gandevi farmer turns saviour for five people

TIMES NEWS NETWORK

**Surat:** Five people got a new lease of life thanks to 68-year-old **Jyotindra alias Babubhai Vashi**, a farmer from Gandevi in Navsari district, who was declared brain dead on Monday by doctors and his organs donated by family.



Vashi was returning home in Manekpur of Navsari district after attending a marriage in Gandevi on December 28, 2017, when an unidentified biker rammed into his motorcycle. Vashi sustained serious head injuries after he fell on ground and was rushed to a hospital in Navsari and then shifted to Apple Hospital in Surat. He was diagnosed as having a blood clot in his brain and was operated upon. However, he was declared brain dead by the doctors on January 1, 2018.

Volunteers of a non-governmental organization approached the family and his wife Nalini Vashi and three daughters Hetal, Hemaxi and Preetal agreed to donate their beloved's organs. They said, "He is no longer alive and so if his organs can give a new lease of life to someone, there is nothing better than this."

Doctors of the Institute of Kidney Diseases and Research Centre, Ahmedabad, received donation of kidneys and liver, while Lokdrashti Chakshu Bank benefited from the gift of Vashi's eyes. Shrikisan Sharma (53), a native of Rajasthan, received Vashi's one kidney, while another was transplanted in the body of Vimladev Manju (60), a resident of Vadodara. Vashi's liver was transplanted in the body of 42-year old Pragnesh Patel, a resident of Navsari. Vashi's eyes were transplanted by surgeons in two blind persons.

# ब्रेन डेड ज्योतिन्द्रभाई ने दी पांच लोगों को नई जिंदगी

लोकतेज संवाददाता



सूरत: नवसारी जिले के माणेकपोर गांव के वशी फलिया में रहनेवाले ज्योतिन्द्रभाई बाबुभाई वशी उम्र 68 वर्ष ब्रेन डेड होने पर वशी परिवार के सदस्यों ने अंगदान का निर्णय लिया, जिससे अन्य पांच लोगों को नई जिंदगी मिलने से उनके परिवारों में खुशी की लहर फैली। 28 दिसंबर को ज्योतिन्द्रभाई गणदेवी अनाविल वाडी में शादी प्रसंग में उपस्थिति के बाद बाईक पर घर लौट रहे थे। रास्ते में अज्ञात वाहनचालक ने ज्योतिन्द्रभाई की बाईक को टक्कर मार दी। घायल ज्योतिन्द्रभाई को चिकित्सा के लिए सूरत की ऐपल अस्पताल में भर्ती किया गया। मगज में गंभीर चोट आने से खून जम जाने पर न्यूरोसर्जन ने जांच के बाद ज्योतिन्द्रभाई को ब्रेन डेड घोषित किया। अस्पताल के चिकित्सक एवं डोनेट लाईफ संस्था के अध्यक्ष निलेश मांडलेवाला ने वशी परिवार के सदस्यों को अंगदान की जानकारी दी। ज्योतिन्द्रभाई बहुत ही सेवाभावी होने से वशी परिवार के सदस्य अंगदान के लिए तैयार हो गए। ब्रेनडेड ज्योतिन्द्रभाई की किडनी राजस्थान के 53 वर्षीय श्रीकिशन मूलचंद्र शर्मा तथा दूसरी किडनी वडोदरा की 60 वर्षीय विमलादेवी मंजु में तथा लिवर नवसारी के 42 वर्षीय निवासी प्रज्ञेश हंसाभाई पटेल में ट्रान्सप्लान्ट हुआ। आंखों को सूरत की लोकदृष्टि चक्षुबैंक को दान किया गया। इस प्रकार ब्रेन डेड ज्योतिन्द्रभाई के अंगों ने अन्य पांच लोगों को नई जिंदगी दी।

# अंगदान से तीन को नई जिंदगी

पत्रिका न्यूज़ नेटवर्क
patrika.com

सूरत. नवसारी की गणदेवी तहसील निवासी एक व्यक्ति को ब्रेनडेड घोषित करने के बाद उसके परिजनों ने अंगदान का निर्णय किया, जिससे तीन जनों को नई जिंदगी मिली है। माणेकपुर गांव वशी फलिया निवासी ज्योतीन्द्र उर्फ बाबू नानू वशी (66) की मोटर साईकिल को 26 दिसम्बर को रात खरवाड़ा के पास अज्ञात वाहन ने टक्कर मार दी थी। घायल ज्योतीन्द्र को परिजन सूरत एप्पल अस्पताल लेकर आए। सीटी



स्कैन में दिमाग में रक्त की गांठ की पुष्टि हुई। चिकित्सकों ने ऑपरेशन कर गांठ को दूर किया, लेकिन बाद में उसे ब्रेन डेड घोषित कर दिया गया।

डोनेट लाइफ की टीम ने परिजनों को अंगदान की जानकारी दी। सहमति मिलने पर आईकेडीआरसी से सम्पर्क किया गया। एक किडनी राजस्थान निवासी श्रीकिशन मुरलीधर शर्मा (53) और दूसरी वडोदरा निवासी विमलादेवी के.आर. गंजू (60) में ट्रांसप्लांट की गई। लीवर नवसारी निवासी प्रवीण हरेश पटेल (42) में ट्रांसप्लांट किया गया। चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक ने स्वीकार किया।

# અનાવિલ સમાજના બ્રેઈનડેડ વૃધ્ધના અંગ-ચક્ષુદાનથી પાંચને નવજીવન

સુરત,મંગળવાર

નવસારીના ગણદેવી માણેકપોરના અનાવિલ સમાજના બ્રેઈનડેડ વૃધ્ધના અંગ-ચક્ષુદાનથી પાંચ વ્યક્તિઓને નવજીવન અને રોશની મળી છે.

માહિતી મુજબ, માણેકપોર વશી ફળિયુંમાં રહેતા જ્યોતિન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશી (ઉ.વ.૬૬) તા.૨૬ ડિસેમ્બરે રાતે ગણદેવી અનાવિલ વાડીમાં મિત્રને ત્યાં લગ્નપ્રસંગ આટોપી પરત ઘરે જતા હતા ત્યારે રાતે ૮:૩૦ વાગ્યે ખખવાડા પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા માથામાં ઈજા થઈ હતી.

સી.ટી સ્કેનમાં માથામાં લોહીનો ગઠ્ઠો જણાતા તે સર્જરી કરીને દૂર કરાયો હતો. જોકે, તા.૧ જાન્યુઆરીએ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. આ અંગે ડોનેટ લાઈફને જાણ કરાતા બાબુભાઈના પત્ની નલીનીબેન અને ત્રણ પુત્રીઓ તેમજ જમાઈ સાથે ચર્ચા બાદ તેઓ બાબુભાઈના અંગ-ચક્ષુદાન માટે સંમત થયા હતા.

ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટી ચક્ષુબેંકે સ્વીકાર્યું છે. જ્યારે લીવર નવસારીના પ્રવીણ હરેશભાઈ પટેલ (ઉ.વ.૪૨)ને ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે. જ્યારે એક કીડની રાજસ્થાનના શ્રીકિશન મુરલીધર શર્મા (૫૩) અને બીજી કીડની વડોદરાના વિમલાદેવી બી. કે.આર.ગંજુ (૬૦)ને અપાઈ છે. અત્યારસુધી ૨૩૬ કીડની, ૯૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય, ૧૯૮ ચક્ષુના દાનથી ૫૩૮ વ્યક્તિઓને નવજીવન અને રોશની મળી છે.

**ગણદેવીના માણેકપોરના બાબુભાઈ વશીને રોડ અકસ્માતમાં માથામાં ગંભીર ઈજા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયા હતા**

# અનાવિલ સમાજના બ્રેઈન ડેડ વૃદ્ધના અંગદાન થકી પાંચને નવું જીવન મળ્યું

સુરત તા. ૦૨

ગણદેવી તાલુકાના માણેકપુર ગામના વશી ફળીયામાં રહેતા જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશી (ઉ. વ. ૬૬) બ્રેઈન ડેડ થતા પરિવારે અંગદાન કરી માનવતા મહેકાવી હતી.

ગત ૨૬ ડીસેમ્બરે જ્યોતીન્દ્રભાઈ ગણદેવીની અનાવીલ વાડીમાં લગ્ન પ્રસંગમાંથી બાઈક પર પરત આવતા હતા ત્યારે ખખવાડા પાસે અજાણ્યા વાહન સાથે અથડાતા ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. તેમને નવસારીની પારસી હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ સુરતની એપલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવતા સિટી સ્કેન કર્યા બાદ મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કરાયો હતો. ૧ જાન્યુઆરીએ તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા જેની ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈને ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી જ્યોતીન્દ્રભાઈના પત્ની નલીનીબેન, પુત્રીઓ હેતલ, હેમાક્ષી, પ્રિતલ, જમાઈઓ નિપુલ, વિરલ, આનંદ, પિત્રાઈ ભાઈ દિપકભાઈ અને અલ્કેશભાઈ, બનેવી હેમંતભાઈ, બહેન મંજુલાબેન અને પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારજનોએ અંગદાનની સંમતિ આપી હતી.



દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની રાજસ્થાનના શ્રીકિશન મુરલીધરજી શર્મા (ઉ. વ. ૫૩) અને બીજી કિડની વડોદરાના વિમલાદેવી શ્રી કે. આર મંજુ (ઉ. વ. ૬૦)માં, જ્યારે લિવર નવસારીના મહેશ હરેશભાઈ પટેલ (ઉ. વ. ૪૨)માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેઈન ડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૩૬ કિડની, ૯૫ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૮ ચક્ષુઓનું દાન મેળવીને ૫૪૮ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**ગણદેવીના માણેકપોરના ખેડૂત પરિવારે અંગદાન થકી માનવતા મહેકાવી**

# અનાવિલ સમાજના બ્રેનડેડ વૃદ્ધના ઓર્ગનનું દાન કરાયું

હેલ્થ રિપોર્ટર | સુરત : અનાવિલ સમાજના બ્રેનડેડ જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશીના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી છે.

## દાન થકી પાંચને નવજીવન આપ્યું

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના માણેકપુરગામે વશી ફળિયામાં રહેતા જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુ વશી (ઉ.વ ૬૬)ગત તા. ૨૬ ડીસેમ્બરે રાત્રે અજાણ્યા વાહન ચાલક સાથે અકસ્માત થતાં તેઓ બાઈક ઉપરથી નીચે પડી ગયા અને માથામાં ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને નવસારીની પારસી હોસ્પીટલમાં ત્યાર બાદ વધુ સારવાર માટે સુરતની એપલ હોસ્પીટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં જ્યોતીન્દ્રભાઈને બ્રેનડેડ જાહેર કર્યા હતા.

ડોનેટ લાઈફની ટીમે જ્યોતીન્દ્રભાઈના પરિવારના સભ્યોને ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવાર તૈયાર થતાં દાનમાં મેળવવામાં આવેલી કિડની એક કિડની રાજસ્થાનના રહેવાસી કિશન મુરલીધરજી શર્મા (ઉ.વ. ૫૩)માં અને બીજી કિડની વડોદરાના રહેવાસી વિમલાદેવી કે. આર મંજુ (ઉ. વ. ૬૦) માં, જ્યારે લિવર નવસારીના રહેવાસી પ્રજ્ઞેશ હરેશભાઈ પટેલ (ઉ. વ. ૪૨)માં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ રહયું છે. જ્યારે ચક્ષુઓને લોકદ્રષ્ટિ ચક્ષુબેંકને દાન કરાઈ હતી.



બ્રેનડેડ જ્યોતીન્દ્રભાઈ ઉર્ફે બાબુભાઈ નાનુભાઈ વશી

# અકસ્માતમાં સારવાર દરમ્યાન બ્રેઇનડેડ જાહેર આધેડ ખેડૂતના અંગોનું દાન કરાયું

### **ગણદેવીના** ખેડૂતના અંગોના દાનથી અન્ય પાંચ લોકોને નવજીવન મળ્યું

સુરતઃ ગણદેવી ખાતે આવેલ અનાવિલ વાડીમાં લગ્નપ્રસંગ પૂરો કરી માણેકપુર ગામે ઘરે પરત આવી રહેલા આધેડ ખેડૂતને અજાણ્યા વાહનચાલકે અડફેટે લીધા બાદ સારવાર દરમ્યાન બ્રેઇનડેડ જાહેર કરાયેલા ખેડૂતના અંગોનું પરિવાર દ્વારા દાન કરાતા અન્ય પાંચ લોકોને નવજીવન મળ્યું છે.

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના માણેકપુર ગામે વશી ફળિયામાં રહેતા જ્યોતીન્દ્રભાઇ ઉર્ફે બાબુભાઇ નાનુભાઇ વશી (ઉ.વ. ૬૬) હાલ વ્યવસાયે ખેડૂત હતા. તેઓ ગત તા. ૨૯મી ડિસેમ્બરે ગણદેવીમાં આવેલી અનાવિલ વાડી ખાતે તેમના મિત્રને ત્યાં લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા. તેઓ રાત્રે સાડા આઠ કલાકે ગણદેવીથી માણેકપુર ગામે પરત આવતી વેળા ખખવાડા પાસે એક અજાણ્યા વાહન ચાલકે અડફેટે લઇ ભાગી છૂટયો હતો. તેઓ બાઇક પરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઇજા પહોંચી હતી અને બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક નવસારીમાં આવેલી પારસી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રિંગરોડની ખાનગી હોસ્પિટલમાં લઇ આવવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ સીટી સ્કેન કરતા માથામાં લોહીનો ગઠ્ઠો જામી ગયું હોવાનું બહાર આવ્યું હતું. જેથી ન્યુરોસર્જન ડૉ. કે. સી. જૈન ક્રેન્યોટોમી કરી લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો અને તેઓની સારવાર ચાલી રહી હતી. આ દરમ્યાન ગત સોમવારને ૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ડૉ. કે. સી. જૈન અને ન્યુરોફિઝિશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ જ્યોતીન્દ્રભાઇને બ્રેઇનડેડ જાહેર કર્યા હતા.

આ બાબતે ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને જાણ કરાતા તેઓ પોતાની ટીમ સાથે ખાનગી હોસ્પિટલમાં પહોંચી જઇ જ્યોતીન્દ્રભાઇના પરિવારને સમજાવવાનો પ્રયાસ કરતા તે પ્રયાસ સફળ રહ્યો હતો. જેથી તબીબોની ટીમે તેઓની બે કિડની, એક લીવર અને ચક્ષુઓનું દાન લીધુ હતું. દાનમાં આવેલા બે પૈકીની એક કિડની રાજસ્થાનના રહેવાસી કિશન મુરલીધરજી શર્મા (ઉ.વ. ૫૩)માં જ્યારે બીજી કિડની વડોદરાના રહેવાસી વિમલાદેવી કે. આર. મંજુ (ઉ.વ. ૬૦)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. આ ઉપરાંત લીવર નવસારીના રહેવાસી પ્રજ્ઞેશ હરેશભાઇ પટેલ (ઉ.વ. ૪૨)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જ્યારે બે ચક્ષુઓનું દાન ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

# બ્રેઈનડેડ બાબુભાઈ વશીનાં અંગોએ પાંચ વ્યક્તિઓને નવું જીવન બક્ષ્યું

સુરત : અનાવિલ સમાજના જ્યોતિન્દ્ર ઉર્ફે બાબુભાઈ વશી (ઉ.વ. ૬૬)ને ગત તા. ર૬મી ડિસેમ્બરના રોજ ગણદેવીથી લગ્નમાં હાજરી આપીને પરત ફરતી વેળા ખખવાડા પાસે અકસ્માત નડતાં તેઓ બ્રેઈનડેડ જાહેર થયા હતા. સિટી સ્કેનમાં મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાની જાણ થતાં તેનું ઓપરેશન કરી ગઠ્ઠો દૂર કરાયો હતો, પરંતુ ત્યાર બાદ તેમની પરિસ્થિતિમાં સુધારો નહીં થતાં તેમને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. જેમના પરિવારને ડોનેટ લાઈફના સભ્યોએ સમજાવતા તેઓ અંગદાન માટે સહમત થયા હતા. જેને કારણે તેમની એક કિડની રાજસ્થાનના કિશનજી શર્મા, બીજી વડોદરાના વિમલા દેવી, લિવર નવસારીને પ્રજ્ઞેશ હરેશભાઈ પટેલ તેમજ ચક્ષુઓ પણ દાન કર્યા હતા. પરિવારના સભ્યોમાં બાબુભાઈના પત્ની માણેકપોર નવસારીના નલિનીબેન, પુત્રીઓ હેતલ નિપુલભાઈ દેસાઈ, હેમાક્ષી વિરલભાઈ નાયક અને પ્રિતલ આનંદભાઈ વશીએ અંગદાન માટે સહમતિ આપતા તેઓ પણ આ સમગ્ર કવાયતથી વાકેફ હોવાનું જણાવીને સહમતિ દર્શાવી હતી. મૃતક બાબુભાઈ ખેડૂત હતા અને ખેતીકામ કરતા હતા. તેઓ સ્વભાવે પરોપકારી હોય તેમના પરિવારે પણ અંગદાન સામે સંમતિ આપતા પાંચ વ્યક્તિઓને જીવનદાન મળ્યું છે.

**» મગજમાં લોહીનો ગઠ્ઠો દૂર કરાયા બાદ પણ સ્થિતિ નહીં સુધરી**

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date : 1st January 2006 to 2nd January 2018**

**236**

**KIDNEYS**

**95**

**LIVERS**

**6**

**PANCREAS**

**16**

**HEARTS**

**198**

**CORNEA**

DONATE LIFE™
an initiative for organ donation

**Which has given new lease of life & vision to 548 persons across the country & globe**